# 2001000105020007
# EXAMINATION FEBRUARY-MARCH 2024
# BACHELOR OF ARTS (FIFTH SEMESTER )
# GUJARATI - XVI - B (UN SEAN) - LEVEL 2
# CORE ELECTIVE COURSE IN GUJARATI
# APATHIT UNSEAN

[**Time: As per Schedule]** **[Max. Marks: 50]**

**Instructions:**
**1. Fill up strictly the following details on your answer book**
  a. Name of the Examination : **BACHELOR OF ARTS (FIFTH SEMESTER )**
  b. Name of the Subject: **GUJARATI - XVI - B (UN SEAN) – LEVEL 2 CORE ELECTIVE COURSE IN GUJARATI APATHIT UNSEAN**
  c. Subject Code No: **2001000105020007**
2. Sketch neat and labelled diagram wherever necessary.
3. Figures to the right indicate full marks of the question.
4. All questions are compulsory.

Seat No:

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

Student's Signature

**Q.1 નીચેનામાંથી કોઇ પણ પાંચ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **10**

(૧) સમૂહ માધ્યમો સાહિત્યને કઇ રીતે ઉપયોગી બને છે તે જણાવો?

(૨) સમાજકલ્યાણની ભાવના અભિવ્યક્ત થઈ હોય એવી ગુજરાતી ચાર સાહિત્ય કૃતિઓના નામ લખો.

(૩) ડાયસ્પોરા સાહિત્ય સર્જનના મૂળ શેમાં છે?

(૪) ગદ્યખંડનું વિવરણ કરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ?

(૫) સાધારણીકરણ સંજ્ઞાનો અર્થ જણાવો.

(૬) પતાકા સ્થાનક સંજ્ઞાનો વિનિયોગ સાહિત્યના કયા સ્વરૂપમાં વિશેષ થયો છે?

(૭) અલંકારનો અર્થ સ્પષ્ટ કરો.

(૮) અપહ્નુતિ અલંકારની વ્યાખ્યા અને ઉદાહરણ લખો.

**Q.2 કોઈ પણ એક વિશે સર્જનાત્મક નોંધ લખો.** **13**

(૧) ડાયસ્પોરા સાહિત્ય

(૨) સાહિત્ય અને ઈન્ટરનેટ

(૩) સાહિત્ય અને સમૂહ માધ્યમો

**Q.3 ગદ્યખંડનું વિવરણ કરો :** **13**

"કવિતા એ આત્માની કલા છે. આત્માના ખાસ ધર્મો -ચૈતન્ય, વ્યાપન અને અનેકતામાં એકતા -એ કવિતામાં અવશ્ય હોવી જોઈએ. જે કવિતામાં ચૈતન્ય નથી તે કવિતા જ નથી. કવિતા આત્માની પેઠે વ્યાપનશીલ હોવી જોઈએ. આત્મા જેમ પિંડમાં અને બ્રહ્માંડમાં, બુદ્ધિમાં, હૃદયમાં અને કૃતિમાં અને એ ત્રણેથી પર પરમાત્મારૂપમાં વિરાજી રહેલો છે તેમ કવિતા પણ મનુષ્યના બુદ્ધિ, હૃદય, કૃતિ અને અંતરાત્મા એટલે ધાર્મિકતા એ સૌની જરૂરિયાતો સંતોષે એવી હોવી જોઈએ, કવિતામાં રહેલો ત્રીજો આત્મધર્મ અનેકતામાં એકતા છે. એ જ મુખ્ય બિંદુની આસપાસ અનેક પાત્રો, પ્રસંગો, ઉક્તિઓ, રસવૈવિધ્ય અને વર્ણનો રચવાં તેમાં કવિનું મહાત્મ્ય રહેલું છે.

**-આનંદશંકર ધ્રુવ**

**અથવા**

ચાવીરૂપ સંજ્ઞાઓનો સોદાહરણ પરિચય કરાવો. **13**

(૧) સાધારણીકરણ

(૨) પતાકા સ્થાન

**Q.4** **(અ)** રૂપક, અપહ્નુતિ, વ્યાજસ્તુતિ અને અતિશયોક્તિ - પૈકી કોઇ પણ બે અલંકાર સોદાહરણ સમજાવો. **7**

**(બ) કોઇ પણ બેના અલંકાર ઓળખાવી તેના સૌદર્યને સ્ફૂટ કરોઃ** **7**

(૧) "ઊંચા નીચાં સ્તનધડક શાં હાલતાં સુપ્ત વારિ
તેમાં મેળે તલ સમ પડે ઉપડે નાવ મ્હારી"

(૨) "પલ પલ ખૂલે જ્યોત્સ્ના કેરાં દલેદલ, મધ્યમાં
પ્રકટ પૃથિવી ઊભી જાણે લસે નવપદ્મજા ! "

(૩) "અંતર જેવું ઓઢણ રાખજે
ને ઓઢણ જેવું અંતર."

(૪) "એકે ય દ્વાર ખુલ્લું નથી રાતનું અહીં
ઠીકરાની જેમ ટાઢમાં ઠરતું રહે તિમિર
શોધી રહ્યું છે કોને જતી રાતની પળે?
ધુમ્મસનું વસ્ત્ર ઓઢીને ફરતું રહે તિમિર"

*****